# ગાંધીનગર આસપાસ આગની ત્રણ ઘટના

## રાત્રે પેથાપુરમાં બે ગલ્લાઓ સળગ્યા અને અડાલજમાં નેનો કાર સળગી : બપોરે સેક્ટર-૧૫માં પસ્તીના ગોડાઉનમાં આગ લાગી



ગાંધીનગર, તા. ૧૨

શહેર તથા આસપાસના વિસ્તારમાં ૨૪ કલાકમાં આગ દુર્ઘટનાના વિવિધ ત્રણ બનાવો બનવા પામ્યા છે. જો કે ગાંધીનગર ફાયરને સમયસર કોલ મળી જતા ત્રણેય આગના બનાવોમાં કોઈ જાનહાની કે મોટી માલહાની થવા પામી નથી. ફાયર બ્રિગેડની ટીમે ત્રણેય સ્થળે આગને કાબુમાં લઈ મોટુ નુકશાન થતા બચાવ્યું હતું.

ગાંધીનગર નજીક અડાલજ વિસ્તારમાં ગઈકાલે મોડી સાંજે નેનો કાર સળગી ઉઠવા પામી હતી. કુડાસણ ખાતે રહેતા કાર માલીક અશોકભાઈએ ગાડીમાં લાગેલી આગ વિશે ફાયરબ્રિગેડને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ કાબુમાં લીધી હતી. જો કે ત્યાં સુધીમાં નેનો કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

રાત્રે પેથાપુર ખાતે બે ગલ્લાઓ એકાએક ભડકે બળ્યા હતા. ચંદુજી કેશાજી રાવલની શાકભાજીનો ગલ્લો અને અરવિંદભાઈ પ્રજાપતિનો પ્લાસ્ટીક કટલરીનો ગલ્લો સળગી ઉઠ્યો હતો. જેની જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોડ ટીમ સાથે પહોંચી ગયા હતા અને આગ કાબુમાં લઈ લીધી હતી તે ઉપરાંત આજે બપોરે સે. ૧૫ ફતેપુરા વિસ્તારમાં રઘુનાથ દહેરામભાઈ ગુજ્જરના પસ્તીના ગોડાઉનમાં આગ ભભુકી ઉઠી હતી. ફાયરબ્રિગેડની ટીમે આગ પર પાણીનો મારો ચલાવી આ આગને પણ કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં પુંઠા પસ્તી બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે ત્રણેય આગની ઘટનામાં કોઈ જાનહાની કે મોટુ નુકશાન થવા પામ્યુ નથી.

# આજે શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા રખડતા ઢોર-કૂતરા ત્રાસ નિવારણ ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના કલેક્ટર રવિશંકર દ્વારા તા. ૧લી મે થી તા. ૧૫મી મે દરમ્યાન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તે સંદર્ભે શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા નગરમાં રખડતાં ઢોર અને કૂતરા વગેરેથી છુટકારો મેળવવા માટે તા. ૧૩મી મે એ ત્રાસ નિવારણ ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કર્યુ છે. આ ઝુંબેશમાં પોલીસ બંદોબસ્ત સાથે રખડતા ઢોરો અને કૂતરાઓને પકડવાનો કાર્યક્રમ હાથ ધરાશે.

ગાંધીનગરમાં લગભગ તમામ સેક્ટરોમાં ઢોરવાડા જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે અને અસંખ્ય રખડતા ઢોરોનો ત્રાસ પાટનગરના નાગરિકોને સતત સતાવી રહેલ છે. મોટા ભાગે ઢોરવાડા જેવી સ્થિતિ સરકારી ખાલી જમીનો પર, સેક્ટરોમાં કોમન પ્લોટોમાં, જંગલ ખાતાની જમીનો ઉપર જોવા મળે છે. દરરોજ સંખ્યાબંધ ઢોરો દિવસ-રાત રસ્તા ઉપર રખડતા રહે છે જેને કારણે અત્યાર સુધીમાં ઘણા બધા નાગરિકોને શારીરિક જોખમો ઉઠાવવાનું દુર્ભાગ્ય મળેલ છે. આ હકીકતના સંદર્ભમાં નિશ્ચિત કાર્યક્રમ દરમિયાન સરકારની નિષ્ઠાપૂર્વકની ઈચ્છાશક્તિનું પ્રમાણ મળે અને કાર્યક્રમનો ફિયાસ્કો ન થાય તે માટે તે દિવસની ઝુંબેશ દરમિયાન અને તે પછીથી પણ સતત રીતે, નિયમિત રીતે, રખડતા ઢોરોને પકડવાના કાર્યક્રમો પુરતા પોલીસ બંદોબસ્ત સાથે યોજવામાં આવે તેવી કલેક્ટરને પરિષદે વિનંતી કરી છે.

આ ઉપરાંત દરેક સેક્ટરમાં રખડતા કૂતરાઓનો ત્રાસ પણ અમર્યાદ વધી ગયેલ છે. દરરોજ લોકોને કૂતરા કરડવાના બનાવો જાહેર થતા રહેલ છે. આના નિવારણ માટે મહાનગર પાલિકાના કમિશનરને લખાણ કરવામાં આવેલ તે અનુસંધાને તપાસ કરતાં આઘાતજનક જવાબ સાંભળવા મળેલ છે કે કૂતરા પકડવાનું અભિયાન બંધ કરવામાંઆવેલ છે. મહાનગર પાલિકાનો આવો અભિગમ તમામ દષ્ટિકોણથી વખોડવાને પાત્ર છે. આ પ્રશ્ને પણ અંગત ધ્યાન આપીને પાટનગરના પ્રજાજનોને રખડતા કૂતરાઓના ત્રાસથી બચાવવા મહાનગરપાલિકાને તેમની ફરજનુંભાન કરાવવા અંગે પણ કલેક્ટર રવિશંકરનુંપરિષદ દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું છે.

# એલડીઆરપીના વિદ્યાર્થીઓએ મધર્સ-ડે અનોખી રીતે ઉજવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસની એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજના એનએસએસના વિદ્યાર્થીઓએ તા. ૧૦મી મે રવિવારે પેથાપુર ખાતે કૈલાસધામ વૃધ્ધાશ્રમમાં 'મધર્સ ડે'ની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રીતે પોતાના પોકેટમનીમાંથી બચાવેલા પૈસા દ્વારા વૃધ્ધાશ્રમના વડીલોને જમાડ્યા હતા તેમજ તેમની સાથે દિવસભર રહી વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી.

રાષ્ટ્રીય સેવા યોજના-એનએસએસના એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજના યુનિટના વિદ્યાર્થીઓ આશરે ૧૫૦ જેટલી વ્યક્તિઓનું રસોડુ લઈને કૈલાસધામ વૃધ્ધાશ્રમે મધર્સ ડે ના દિવસે પહોંચી ગયા હતા. વૃધ્ધાશ્રમના સંચાલક કૈલાસબાને મળી વિદ્યાર્થીઓએ વડીલોના સાનિધ્યમાં એક દિવસ વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ માટે મધર્સ ડે જેવો પવિત્ર દિવસ પસંદ કરી એનએસએસના યુવાન-યુવતીઓ વડીલો સાથે દિવસ વિતાવ્યો હતો. વડીલોને વંદન કરી તેમણે તેમના રોજીંદા કામમાં મદદ કરી હતી. વૃધ્ધાશ્રમના સ્વયંસેવક લીલાબેન, રવિભાઈ તથા વિજયસિંહ માજીરાણા સાથે જોડાઈને ઘઉંની સફાઈ, લાકડાં ગોઠવવા, ગાયોને ઘાસચારો નીરવો વગેરે જેવા કાર્યો કર્યા હતા. તેમજ સમગ્ર કંપાઉન્ડની સાફ-સફાઈ પણ હાથ ધરી ચોખ્ખુચણાક બનાવી દીધું હતું.

યુવાનોએ વડીલોને પોતાના હાથે જમાડ્યા હતા, તેમની સાથે ગોષ્ઠિ કરી તેમના સુખદુઃખ, અનુભવો સાંભળ્યા, તેમજ વડીલો સાથે ભજનકિર્તન પણ કર્યા હતા. યુવાનોના સાનિધ્યથી વડીલો પણ હરખમાં આવી ગયા હતા અને તેમને આશિર્વાદ આપ્યા હતા. દિવસના અંતે વિદ્યાર્થીઓના ચહેરા પર સેવાકાર્ય કર્યાનો સંતોષ ઝલકતો સ્પષ્ટ દેખાતો હતો.

# દેવકરણના મુવાડામાં આંખનો ડાયાબિટીસ રેટીનોપેથી નિદાન કેમ્પ યોજાયો

## પોલીયો ફાઉન્ડેશન, અમદાવાદ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ગાંધીનગર દ્વારા અન્ય ગામોમાં પણ કેમ્પનું આયોજન



દહેગામ, તા. ૧૨

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે મંગળવારના રોજ આંખનો ડાયાબિટીસ રેટીનોપેથી નિદાન કેમ્પ યોજાઈ ગયો. પોલીયો ફાઉન્ડેશન અમદાવાદ તથા જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ગાંધીનગર દ્વારા આયોજીત આ કેમ્પમાં હાજર લાભાર્થીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં દહેગામ તાલુકાના જુદા જુદા ગામોમાં કેમ્પનું આયોજન હાથ ધરાનાર છે. જેનો લાભ લેવા પિડીત લાભાર્થીઓને અપીલ પણ કરાઈ છે.

મળેલ વિગતો મુજબ દહેગામ તાલુકામાં પોલીયો ફાઉન્ડેશન અમદાવાદ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ગાંધીનગર દ્વારા જુદા જુદા ગામોમાં મોબાઈલ વાનમાં સાધન સુવિધા સાથે આંખના ડાયાબિટીસ રેટીનોપેથી નિદાન કેમ્પનું ખુબજ જરૂરી આયોજન હાથ ધરાયું છે. જેમાં સૌ પ્રથમ મંગળવારના રોજ દેવકરણના મુવાડામાં આ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં જરૂરિયાતમંદ પિડીત લાભાર્થીઓ લાભ લઈ તેની સમયસર સારવાર અંગેની માહિતી મેળવી હતી.

લાંબા સમયથી ડાયાબિટીસ હોય તેવા દરદીઓમાં સાઈડ ઈફેક્ટ એવો આ આંખનો ડાયાબિટીસ થવાની સંભાવના રહે છે. જેમાં દરદીઓને રેટીનોપેથી અત્યંત આધુનિક મશીનથી તપાસ હાથ ધરવામાં આવે છે. પોલીયો ફાઉન્ડેશન અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી દ્વારા આ માટે મોબાઈલ વાન તૈયાર કરાઈ છે. જેમાં રેટીનોપેથી મશીન તથા સલંગ્ન તમામ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. અને તેના દ્વારા ચોક્કસ નિદાન થઈ રહ્યું છે. નિઃશુલ્ક નિદાન કેમ્પ દહેગામ તાલુકામાં નીચે જણાવ્યા મુજબ થવાનો છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કડજોદરા - ૧૯-૫-૨૦૧૫, સાંપા - ૨૬-૫-૨૦૧૫, સાણોદા - ૨-૬-૨૦૧૫, બહિયલ - ૯-૬-૨૦૧૫, કડાદરા - ૧૬-૬-૨૦૧૫.

સા.આ. કેન્દ્ર દહેગામ તા. ૨૩-૬-૨૦૧૫ ઉપરોક્ત તારીખોએ સવારે ૯ થી ૧૨નો સમય રખાયો છે. તો દરદીઓને લાભ લેવા અનુરોધ કરાયો છે.

# કઠોળ અને શાકભાજીના ભાવો વધતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ

## કઠોળ-દાળના ભાવો ૧૦૦ રૂ.થી વધુ પહોંચતા ગૃહિણીઓનું કરિયાણાનું બજેટ વધ્યુ : ઉનાળાની ગરમીમાં શાકભાજી પણ ઓછી અને મોંઘી મળતા થાળીની રંગત અને સ્વાદ ઝંખવાયા

ગાંધીનગર, તા. ૧૨

ફરી એકવાર ગૃહિણીઓનુ બજેટ વધતા ભાવોના કારણે ખોરવાયુ છે. ઉનાળામાં એમ પણ શાકભાજી ઓછા મળે છે. ત્યારે ગૃહિણીઓ દાળ-કઠોળનો વપરાશ વધારીને રસોઈની રંગત જમાવી રાખે છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં દાળ અને કઠોળના ભાવમાં ૩૦ થી ૪૦ ટકા જેટલો અધધ ભાવ વધારો થતાં રસોઈની રંગત ઝંખવાઈ છે અને બજેટ પણ ખોરવાયુ છે.

ગુજરાતી થાળીમાં દરરોજ દાળ-ભાજ-શાક-રોટલી તો હોય જ છે. ઉનાળાની ઋતુમાં હાલમાં બજારમાં શાકભાજી ખુબ ઓછા મળે છે. શાકભાજીમાં વિવિધતા શોધવા જાઓ તો તે મોંઘા પડે છે. શાકભાજીની આવક ઓછી હોય ત્યારે



ગૃહિણીઓ આંતરે દિવસે કઠોળ પલાળી થાળીમાં વિવિધતા ટકાવી રાખે છે. પરંતુ આ ઉનાળે દાળ-કઠોળના ભાવોમાં ૩૦ થી ૪૦ ટકા જેટલા વધી જતાં ગૃહિણીઓને કરિયાણાના બજેટમાં કાપ મુકવાની ફરજ પડી છે. દાળ અને કઠોળના ભાવે છેલ્લા એકાદ મહિનામાં ૧૦૦ રૂ.ને આંબી ગયા છે. હવે તો કઠોળ બનાવવુ હોય તો દસ વખત વિચારવુ પડે તેવી સ્થિતિ છે. કઠોળના ભાવો વધતા ગૃહિણીઓને માત્ર બટાકા-દૂધી જેવા પ્રમાણમાં સસ્તા શાકભાજી પર મદાર રાખવો પડે છે. નવી શાકભાજી બજારમાં આવે અથવા કઠોળના ભાવો ઘટે ત્યાં સુધી મધ્યમ વર્ગીય પરિવારોના ભોજનમાં રંગત આવી શકશે નહી.

# કઠોળની આયાત કરવા સરકારની વિચારણા

છેલ્લા દિવસોમાં કઠોળના ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો ઉછાળો નોંધાયો છે. એવામાં સરકાર પ્રથમવાર કઠોળની આયાત કરી શકે છે. દેશમાં નબળા ચોમાસા ઓસ્ટ્રેલીયા અને કેનેડામાં ઉત્પાદન ઘટવાની ભીતીને કારણે ચિંતાના વાદળો ઘેરાયા છે. એવામાં ગ્રાહક મામલાના મંત્રાલય દ્વારા એમએમટીસીને કઠોળની આયાત કરવા સુચના આપે તેવી શક્યતા છે.

છુટક બજારમાં કઠોળના ભાવ વધી રહ્યા છે. જાન્યુઆરીમાં ૮૩ રૂપિયે કિલો વેચાતા, અડદ હાલમાં ૧૦૮ના કિલો વેચાઈ રહ્યા છે. તેવી જ રીતે ચણાની દાળનો ભાવ પણ રૂ. ૫૪ થી વધીને ૬૮ રૂપિયા કિલોના થયા છે. જ્યારે મસુરની દાળનો ભાવ રૂ. ૯૪ પ્રતિ કિલોએ પહોંચ્યો છે. જાન્યુઆરીમાં મસુરનો ભાવ રૂ. ૮૪ પ્રતિ કિલો હતો જ્યારે મગનો ભાવ રૂ. ૧૦૭ કિલોના થયા છે તેમ વેપારીઓ જણાવે છે.

દેશમાં વર્ષે ૧૮૦ થી ૧૯૦ લાખ ટન દાળનું ઉત્પાદન થાય છે. જ્યારે વપરાશને પહોંચી વળવા દર વર્ષે ૩૦ થી ૪૦ લાખ ટન દાળની આયાત કરાય છે. છેલ્લા બે વર્ષમાં દાળની આયાત ખાનગી ટ્રેડર્સ દ્વારા કરાઈ હતી. સરકારના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ દાળની વધતી કિંમત પર નજર રાખી રહ્યા છીએ અને આયાત કરવાયોજના બનાવી રહ્યા છીએ કેનેડા અને ઓસ્ટ્રેલીયામાં દાળનું ઉત્પાદન ઘટવાની સંભાવના છે. તેની અસર વિશ્વમાં પડશે.

વર્ષ-૨૦૧૪-૧૫ દરમિયાન દેશમાં ૩૪ લાખ ટન દાળની આયાત થઈ છે. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૦ લાખ ટન દાળની આયાત થઈ હતી. દેશમાં વર્ષ-૨૦૧૪-૧૫ દરમિયાન ૧૮૪.૩ લાખ ટન દાળનું ઉત્પાદન થવાનો અંદાજ છે જો કે ગત વર્ષે ૧૯૭.૮ લાખ ટન ઉત્પાદન થયું હતું.

# યુનિવર્સિટી કેમ્પમાં ચોરીના બનાવોમાં એકાએક વધારો

અમદાવાદ, તા. ૧૨

વિશાળ કેમ્પસ ધરાવતી ગુજરાત યુનિવર્સિટીમાં સુરક્ષાની દ્રષ્ટિએ લાલીયાવાડી ચાલી રહી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એક બાજુ યુનિવર્સિટી કેમ્પસમાં સીસીટીવી કેમેરા લગાવવાની પ્રોજેક્ટ આજે બે વર્ષ બાદ પણ અદધરતાણ છે ત્યારે બીજી બાજુ યુનિવર્સિટી કેમ્પસમાં છેલ્લા છ મહીનામાંજ ૭૦ થી વધુ મોબાઈલ ફોનની ચોરી થઈ છે. જેને લઈને યુનિવર્સિટી સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ સર્જાઈ રહ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ તાજેતરમાં નેક ઈન્સ્પેકશન દરમિયાન યુનિવર્સિટી કેમ્પસમાં રહેલ અનેક ખામીઓના કારણે રાજયની સૌથી મોટી યુનિવર્સિટી ગણાતી ગુજરાત યુનિવર્સિટી માંડ બી ગ્રેડ મેળવી શકી છે.

નેકની ટીમ દ્વારા યુનિવર્સિટી કેમ્પસની સુરક્ષા સામે પણ સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. તેમ છતાં કોણ જાણે કેમ યુનિવર્સિટીના સત્તાધીશોનુંપેટનું પાણી પણ હાલતું નથી. છેલ્લા બે વર્ષથી કેમ્પસમાં સીસીટીવી કેમેરા લગાવવાના દાવાઓ કરવામાં આવે છે. પરંતુ આ પ્રોજેક્ટ આજે પણ કાગળના દસ્તાવેજોમાંથી બહાર નીકળી શક્યો નથી. ત્યારે યુનિવર્સિટી કેમ્પસમાં છેલ્લા છ મહિના દરમિયાન ૭૦ થી વધુ મોબાઈલની ચોરી થઈ હોવાની હકીકત સામે આવતા કેમ્પસની સુરક્ષાના યુનિવર્સિટીના તમામ દાવાઓ પોકળ સાબિત થયા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૧
સૂર્યાસ્ત : ૭.૧૩

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

જય હો ડેમોક્રસી : ૯.૪૫
બે યાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. આતાજી અરજણજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર